Signature of Invigilators

1. ..............................

2. ..............................

Roll No. | | | | | |

(In figures as in Admit Card)

# PSYCHOLOGY

## Paper II

Roll No. ..............................

..............................

(In words)

# D/03/14

Name of the Areas/Section (if any) ..............................

Time Allowed : 75 Minutes] [Maximum Marks : 100

---

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of *fifty* **(50)** multiple choice type questions. *All* questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method [A] Wrong Method [ A or [A]
4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under paper II only
5. Read instructions given inside carefully.
6. One sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટેની સૂચનાઓ :**

૧. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.

૨. આ પ્રશ્નપત્રમાં કુલ **પચાસ (50)** બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા પ્રશ્નો આપેલા છે. **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.

૩. પ્રત્યેક પ્રશ્ન વધુમાં વધુ ચાર બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવે છે. જે (A), (B), (C) અને (D) વડે દર્શાવવામાં આવ્યા છે. પ્રશ્નનો ઉત્તર કેપીટલ સંજ્ઞા વડે આપવાનો રહેશે. ઉત્તરની સંજ્ઞા આપેલ ખાનામાં બરાબર સમાઈ જાય તે રીતે લખવાની રહેશે.

   ખરી રીત : [A] ખોટી રીત : [ A , [A]

. આ પ્રશ્નપત્રના જવાબ આપેલ ICR Answer Sheetના Paper II વિભાગની નીચે આપેલ ખાનાંઓમાં આપવાના રહેશે.

અંદર આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો.

આ બુકલેટની પાછળ આપેલું પાનું રફ કામ માટે છે.

પરીક્ષાસમય પૂરો થઈ ગયા પછી આ બુકલેટ જે તે નિરીક્ષકને સોંપી દેવી. કોઈ પણ કાગળ પરીક્ષાખંડની બહાર લઈ જવો નહી.

## PSYCHOLOGY

## મનોવિજ્ઞાન

## PAPER—II

## પ્રશ્નપત્ર—II

*Note* :—This paper contains **fifty (50)** multiple-choice questions. Each question carries **two (2)** marks. Attempt *all* the questions.

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં ૫૦ બહુવિધ લક્ષી પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે. બધા પ્રશ્નોના ઉત્તર આપો.

1. Someone watching a busy street from above would tend to group the cars going in one direction into one group and those going in the other direction into another group. Which Gestalt principle explains it ?

(A) The law of closure
(B) The law of similarity
(C) The law of proximity
(D) The law of common fate

કોઈ એક વ્યક્તિ કોઈ ઉંચા સ્થાનેથી એક દિશા તરફ જતી મોટરોને એક જુથમાં અને બીજી દિશા તરફ જતી મોટરોને બીજા જૂથમાં વર્ગીકૃત કરે છે. ઉપરોક્ત હકીકતને સમષ્ટિનો કયો નિયમ દ્વારા સમજાવી શકાય ?

(A) પૂર્તિનો નિયમ
(B) સમ્પનતાનો નિયમ
(C) સમીપતાનો નિયમ
(D) સમ્પનગતિનો નિયમ

2. In general when we see an object from a different angle we realize it is still the same shape though it looks different. This is called...............constancy.

(A) Rotational
(B) Morphology
(C) Shape
(D) Size

સામાન્યરીતે જયારે આપણે કોઈ વસ્તુને જુદા ખુણેથી જોઈએ તો સમજાશે કે તે વસ્તુ જુદી દેખાતી હોવા છતાં તેનો આકાર તેનો તે જ છે. આને ........... સાતત્ય કહેવાય.

(A) વારા ફરતી થતું પરિવર્તન
(B) શાબ્દિક પ્રતિમા
(C) આકાર
(D) કદ

3. One theory of illusions claims that if the context of the drawing makes one line appear to be farther away than another, the line that appears farther away will also appear to be :

(A) Shorter (B) Longer

(C) Bent (D) Doubled

ભ્રમના એક સિદ્ધાંત પ્રમાણે ચિત્રની પૃષ્ટભૂમિકા જો એક રેખા બીજી રેખાથી દૂર લાગે તો જે રેખા દૂર દેખાય છે તે દેખાશે :

(A) ટુંકી (B) લાંબી

(C) વળેલી (D) બેવડી

4. One of the following is *not* a law in psychology ?

(A) Steven's power law (B) Fechner's law

(C) Weber's law (D) Stephen's law

નીચેનામાંથી એક મનોવિજ્ઞાનનો નિયમ નથી :

(A) સ્ટેવાન્સનો શક્તિનો નિયમ (B) ફેકનરનો નિયમ

(C) વેબરનો નિયમ (D) સ્ટીફનનો નિયમ

5. Understanding the nature of the real world through perception involves two basic processes, they are :

(A) Identification and assimilation (B) Interpretation and categorization

(C) Description and generalization (D) Discrimination and saturation

પ્રત્યક્ષીકરણ દ્વારા વાસ્તવિક જગતને સમજવામાં નીચેની બે મૂળભૂત પ્રક્રિયાઓ સમાયેલી છે જેમાં :

(A) તાદાત્મ્યતા અને આત્મસાત (B) અર્થઘટન અને વર્ગીકરણ

(C) વર્ણન અને સામાન્યીકરણ (D) વિભેદન અને સંતૃપ્તતા

6. Those who believe that perception and knowledge are necessary in order to learn with understanding are known as :

(A) S–R psychologists (B) Cognitive theorists

(C) Habit formation (D) Associative learning

જેઓ માને છે કે પ્રત્યક્ષીકરણ અને જ્ઞાન બંને સમજ સાથેના શિક્ષણના જરૂરી છે તેઓ જાણીતા છે :

(A) S–R મનોવિજ્ઞાનીઓ (B) જ્ઞાનાત્મક સિદ્ધાંતવિદો

(C) ટેવ બંધારણવાદીઓ (D) સાહચર્ય શિક્ષણવિદો

7. In operant conditioning, reinforcement :
(A) elicits the response
(B) is always positive
(C) follows the response
(D) is always negative

ક્રિયાત્મક અભિસંધાનમાં પ્રતિપોષ .......
(A) પ્રતિક્રિયા ઉત્પન્ન કરે છે
(B) તે હમેશા વિધાયક હોય છે
(C) તે પ્રતિક્રિયાને અનુસરે છે
(D) તે નિષેધક હોય છે

8. The highest strength of conditioning occurs when the time interval between CS and US is :
(A) Zero
(B) 1 second
(C) 0.5 second
(D) less than 2 seconds

અભિસંધાનની વધારેમાં વધારે તાકાત ત્યારે ઉત્પન્ન થાય છે. જ્યારે CS અને US વચ્ચેનો સમયગાળો હોય છે :
(A) શુન્ય
(B) એક સેકન્ડ
(C) ૦.૫ સેકન્ડ
(D) બે સેકન્ડ કરતા ઓછો

9. Conditioning is a systematic procedure in which :
(A) someone is forced by others to act against his or her will
(B) associations and responses to specific stimuli are learned
(C) an animal is trained to perform a certain sequence of actions
(D) beliefs about the way people will act are developed

અભિસંધાન એ વ્યવસ્થિત પ્રક્રિયા છે કે જેમાં :
(A) પોતાની ઈચ્છા વિરુદ્ધ બીજા દ્વારા અમુક ક્રિયા કરવા ફરજ પાડવામાં આવે છે
(B) ચોકક્સ ઉદ્દીપકો પ્રત્યેના સાહચર્યો અને પ્રતિક્રિયાઓ શીખાય છે
(C) પ્રાણીઓને ચોકક્સ પ્રકારની ક્રમિક કાર્યની તાલીમ આપવામાં આવે છે
(D) લોકો કઈ રીતે વર્તશે તે સંબંધી માન્યતાઓ વિકસે છે

10. A 'U'—shape curve is obtained in serial learning when :
(A) trials are plotted against serial positions of items
(B) errors are plotted against serial positions of items
(C) correct responses are plotted against serial positions
(D) extra-list intrusions are plotted against serial positions of items

ક્રમિક શિક્ષણમાં 'U' આકારનો વક્ર મેળવવા માટે :
(A) પદોની ક્રમિક સ્થિતિઓ વિરુદ્ધ પ્રયત્નોની સંખ્યાનો આલેખ દોરવામાં આવે
(B) પદોની ક્રમિક સ્થિતિ વિરુદ્ધ ભૂલનો આલેખ દોરવામાં આવે
(C) પદોની ક્રમિક સ્થિતિ વિરુદ્ધ સાચી પ્રતિક્રિયાના આલેખ દોરવામાં આવે
(D) પદોની ક્રમિક સ્થિતિ વિરુદ્ધ સુચિ સિવાયના ઈતર પદોની સામેલગીરીનો આલેખ દોરવામાં આવે

11. STM can be conceived as :

(A) a box of fixed size that can hold only so many blocks

(B) a state of "knowing" a specific word but being unable to recall it

(C) a filing cabinet of large capacity

(D) an infinitely large table top

STM ને આ રીતે સમજી શકાય :

(A) ઘણા બધા વિભાગો ધરાવતી ચોકકસ કદની પેટી

(B) પુનરાવહન કરવાની અસમર્થતા હોવા છતા કોઈ ચોકકસ શબ્દ જાણવા માટેની માનસિક સ્થિતિ

(C) ઘણી બધી માહિતિ સંગ્રહી શકાય તેવી મોટા કદની પેટી

(D) અનેક ઘણી વિશાળ ટેબલની સપાટી

12. In Atkinson and Shiffrin model memory has three stores :

(A) Information processing, the short-term store, the long-term store

(B) Acquisition, transfer, long-term store

(C) The sensory register, retention, the long-term store

(D) The sensory register, the short-term store, the long-term store

એટકીન્સન અને શેફરના સ્મૃતિ મોડેલમાં ત્રણ પ્રકારના સંગ્રહ સ્થાનો છે :

(A) માહિતિ પૃથકકરણ, ટુંકાગાળાનો સંગ્રહ અને લાંબાગાળાનો સંગ્રહ

(B) પ્રાપ્તિ, ફેરબદલી અને લાંબાગાળાનો સંગ્રહ

(C) સાંવેદનિક નોંધણી, ધારણ અને લાંબાગાળાનો સંગ્રહ

(D) સાંવેદનિક નોંધણી, ટુંકાગાળાનો સંગ્રહ અને લાંબાગાળાનો સંગ્રહ

13. Endel Tulving hypothesized two types of memory; they are :

(A) STM and LTM

(B) iconic memory and echoic memory

(C) episodic memory and semantic memory

(D) flashbulb memory and declarative memory

'એન્ડેલ તુલવીંગ' બે પ્રકારની સ્મૃતિ અંગેની ઉત્કલ્પનાઓ કરી :

(A) STM અને LTM

(B) આઈકોનિક સ્મૃતિ અને ઈકોઈક સ્મૃતિ

(C) પ્રાસંગિક સ્મૃતિ અને અર્થમય સ્મૃતિ

(D) ઝબકારયુકત સ્મૃતિ અને પ્રગટીય સ્મૃતિ

14. David Rumelhart and James McClelland developed a connectionist model of memory known as PDP; it stands for :

(A) Perfect distribution and processing

(B) Properly developed processing

(C) Parallel distributed processing

(D) Premature distribution processing

'ડેવિડ રૂમેલહાર્ટ અને જેમ્સ મેકલીલેન્ડે સ્મૃતિનું અનુસંધાન મોડેલ વિકસાવ્યુ કે જે PDP તરીકે ઓળખાય છે. જેનો અર્થ આ મુજબ થાય છે :

(A) સંપૂર્ણ વિતરણ અને પ્રક્રિયાકરણ

(B) ઉચિત વિકસિત પ્રક્રિયાકરણ

(C) સમાંતર વિતરિત પ્રક્રિયાકરણ

(D) પૂર્વ-પરિપકવ-વિતરણ પ્રક્રિયાકરણ

15. Three principal types of code appear to represent information in memory, they are :

(A) Tactual encoding, kinetic encoding, imagery encoding

(B) Acoustic encoding, visual encoding, semantic encoding

(C) Visual encoding, tactual encoding, motor encoding

(D) Acoustic encoding, kinetic encoding, semantic encoding

સ્મૃતિમાં ત્રણ મુખ્ય પ્રકારના માહિતી અંગેના સંકેતો જોવા મળે છે, તેઓ છે :

(A) સ્પર્શાત્મક સંકેતીકરણ, સ્વર્જનિત સંકેતીકરણ, કાલ્પનિક સંકેતીકરણ

(B) ધ્યાનયુક્ત સંકેતીકરણ, દૃશ્ય સંકેતીકરણ, અર્થયુક્ત સંકેતીકરણ

(C) દૃશ્ય સંકેતીકરણ, સ્પર્શાત્મક સંકેતીકરણ, ગત્યાત્મક સંકેતીકરણ

(D) ધ્વનિયુક્ત સંકેતીકરણ, સ્વજનિત સંકેતીકરણ, અર્થયુક્ત સંકેતીકરણ

16. Five types of rules in concept formation are in common use. They are affirmative,............, inclusive disjunctive, conditional and............. .

(A) disjunctive, biconditional

(B) disjunctive, bioconditional

(C) conjunctive, biconditional

(D) conjunctive, bioconditional

સામાન્ય રીતે પ્રત્યયના વિકાસમાં પાંચ પ્રકારના નિયમોનો ઉપયોગ થાય છે. તેઓ છે હકારાત્મક, ........., વૈકલ્પિક સમાવેશ, શરતી અને ......... .

(A) વૈકલ્પિક-દ્વિ શરતી

(B) વૈકલ્પિક-જૈવિક શરતી

(C) સંયોજનાત્મક-દ્વિ શરતી

(D) સંયોજનાત્મક-જૈવિક

17. The strategies subjects may select in concept formation include.............. and.......... .

(A) perceiving, concentrating (B) scanning, focussing

(C) attending, reasoning (D) thinking, categorizing

પ્રત્યય વિકાસમાં પ્રયોજયો જે વ્યુહરચનાઓ અપનાવે છે તેમાં ........ અને ........ નો સમાવેશ થાય છે :

(A) પ્રત્યક્ષીકરણ અને એકાગ્રતા (B) ઘટકતત્વોનું નિરીક્ષણ અને લક્ષ્ય કેન્દ્રિત

(C) ધ્યાન આપવુ અને તર્ક કરવો (D) વિચારણા અને વર્ગીકરણ

18. Thinking always involves...............

(A) Imagery (B) Autisms

(C) Symbols (D) Insight

હમેશાં વિચારણા નીચેની બાબતને સમાવે છે :

(A) કલ્પના (B) સ્વલીનતા

(C) પ્રતિકો (D) આંતરસુઝ

19. The easiest concepts to learn are :

(A) Spatial forms (B) Colour concepts

(C) Object concepts (D) Number concepts

શિખવાની દૃષ્ટ્રિએ સહેલામાં સહેલા પ્રત્યયો છે :

(A) અવકાશ સ્વરૂપો (B) રંગલક્ષી ખ્યાલો

(C) વસ્તુલક્ષી ખ્યાલો (D) સંખ્યાત્મક ખ્યાલો

20. Which of the following would be classified as associative thinking ?

(A) Logical thinking (B) Critical thinking

(C) Directed thinking (D) None of these

નીચેનામાંથી કઈ બાબતો સાહચર્યાત્મક વિચારણા તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે :

(A) તાર્કિક વિચારણા (B) સમિક્ષાત્મક વિચારણા

(C) નિર્દેશિત વિચારણા (D) આમાંથી એકપણ નહિ

21. A state of deprivation in an organism is called a/an :

(A) Motive (B) Drive

(C) Need (D) Incentive

જીવંત એકમમાં હતાશાની પરિસ્થિતિ હોય તે ઓળખાય છે :

(A) પ્રેરણા (B) ઈરણ

(C) જરૂરીયાત (D) પ્રોત્સાહન

22. A five-month old infant is shown four figures of identical size. Which is he most likely to look at first ?

(A) one black circle on white background

(B) one red square on a black background

(C) two red diamonds on a white beackground

(D) one checkerboard

પાંચ મહિનાના નવજાત શિશુને ચાર સમાન કદની આકૃતિઓ બતાવવામાં આવે તો સૌથી પહેલા કઈ આકૃતિ તરફ ધ્યાન આપશે ?

(A) સફેદ ભૂમિકામાં કાળુ વર્તુળ (B) કાળી ભૂમિકામાં લાલ ચોરસ

(C) સફેદ ભૂમિકામાં બે લાલ હિરા (D) 'ચેકરબોર્ડ'

23. Which of the following behaviours in man illustrates instinctive behaviour ?

(A) Mother's love for her young (B) Aggressive behaviour

(C) Gregoriousness (D) None of these

મનુષ્યમાં નીચેના કયા પ્રકારના વર્તનો સહજવૃત્તિનું ઉદાહરણ છે :

(A) માતાનો તેના નાના બાળકનો પ્રેમ (B) આક્રમક વર્તન

(C) સમુહવૃતિ (D) એમાંના એકપણ નહિ

24. Perception motivates behaviour. Bernard Weiner hypothesized three major dimensions of perceived causality, which he calls :

(A) Focus, concentration and action

(B) Locus, stability and controllability

(C) Attention, focus and controllability

(D) Vision, meaning and control

બર્નાડ વેઈનરની પ્રત્યક્ષીકરણ પ્રેરણાના વર્તનના સંદર્ભમાં મુખ્ય ત્રણ પ્રત્યક્ષીકૃત કારણો પરિમાણોની ઉત્કલ્પના કરી છે. જે ઓળખાય છે :

(A) લક્ષ્ય કેન્દ્ર, એકાગ્રતા અને ક્રિયા

(B) નિયત સ્થાન, સ્થિરતા અને નિયંત્રિતતા

(C) ધ્યાન, લક્ષ્યકેન્દ્ર અને નિયંત્રિતતા

(D) દૃષ્ટ્રિ, અર્થ અને નિયંત્રણ

25. An optimal level of arousal will maximize behavioural efficiency and performance on a variety of tasks. This is :

(A) Arousal performance law (B) Abaham Maslow law

(C) Walter Cannon law (D) Yerkes-Dodson law

વિવિધ કાર્યોની મહત્તમ વાર્તનિક અસરકારકતા અને કર્તૃત્વતાને ઈષ્ટતમ પ્રકારની ઉત્તેજના અસર કરે છે. જે આ છે :

(A) ઉત્તેજના કર્તૃત્વ નિયમ (B) અબ્રાહ્મ મેસ્લો નિયમ

(C) વોલ્ટર કેનનનો નિયમ (D) યેરકેશ-ડોડશનનો નિયમ

26. Binet test of intelligence was revised by................and called the new test Stanford Binet.

(A) Binet
(B) Stanford
(C) Simon
(D) Terman

બીનેની બુદ્ધિ કસોટીનું રૂપાંતર ........ કર્યું જે સ્ટેન્ફર્ડ-બીને તરીકે ઓળખાય છે :

(A) બીને
(B) સ્ટેન્ફર્ડ
(C) સાયમન
(D) ટર્મન

27. Thurstone proposed that there are............primary mental abilities.

(A) 5
(B) 7
(C) 9
(D) 11

થર્સ્ટન સૂચિત કર્યું કે ........ મુખ્ય પ્રાથમિક માનસિક શક્તિઓ છે :

(A) ૫
(B) ૭
(C) ૯
(D) ૧૧

28. ............found that people with higher overall intelligence actually take longer to think about each question but recognize the correct answer more quickly.

(A) Spearman
(B) Sternberg
(C) Wechsler
(D) Jensen

......... શોધ્યું કે સમગ્રતયા ઉચ્ચ બુદ્ધિ ધરાવતી વ્યક્તિઓ દરેક પ્રશ્નની વિચારણા માટે લાંબો સમય લે છે પણ સાચો જવાબ ઝડપથી શોધી કાઢે છે :

(A) સ્પિયરમેન
(B) સ્ટર્નબર્ગ
(C) વેક્સલર
(D) જેનસન

29. Triarchic theory of intelligence states, intelligence consists of three major aspects, they are :

(A) Componential, experiential and contextual

(B) Perceptual, mental and contextual

(C) Componential, mental and contextual

(D) Perceptual, experiential and contextual

બુદ્ધિનો ત્રિ-સ્તરીય સિદ્ધાંત દર્શાવે છે કે બુદ્ધિના ત્રણ મુખ્ય પાસાઓ છે જે નીચે પ્રમાણે છે :

(A) ઘટકલક્ષી, આનુભવિક અને સંદર્ભલક્ષી

(B) પ્રત્યક્ષીકૃત, માનસિક અને સંદર્ભલક્ષી

(C) ઘટકલક્ષી, માનસિક અને સંદર્ભલક્ષી

(D) પ્રત્યક્ષીકૃત, આનુભવિક અને સંદર્ભલક્ષી

30. ..................argues that there are multiple intelligences, each independent of others.

(A) Sternberg (B) Gardner

(C) Jensen (D) Guilford

.......... એકબીજાથી ભિન્ન એવી બહુવિધ બુદ્ધિ છે. તેમ જણાવે છે :

(A) સ્ટર્ન બર્ગ (B) ગાર્ડનર

(C) જેનસન (D) ગિલફોર્ડ

31. The 16 PF originally measured 16 basic personality trail-factors; the current revision measures the expanded list of :

(A) 20 (B) 21

(C) 22 (D) 23

૧૬ ઘટક લક્ષણો (16 P.F.) માં મુખ્યત્વે પાયાના ૧૬ વ્યક્તિત્વના ઘટક-લક્ષણોનું માપન થાય છે. વર્તમાન રૂપાંતર વિસ્તૃત યાદીમાં .......... ઘટક લક્ષણો માપે છે :

(A) ૨૦ (B) ૨૧

(C) ૨૨ (D) ૨૩

32. NEO personality inventory measures 5 normal personality frait dimensions; they are :

(A) Extraversion, assertiveness, cosncientiousness, neuroticism and openness to experience

(B) Extraversion, agreeableness, conservatism, neuroticism and openness to experience

(C) Extraversion, assertiveness, conservatism, neuroticism and openness to experience

(D) Extraversion, agreeableness, conscientiousness, neuroticism and openness to experience

વ્યક્તિત્વની નવીન સંશોધનિકામાં વ્યક્તિત્વના ૫ સામાન્ય વ્યક્તિત્વ લક્ષણ પરિમાણો માપે છે. જે નીચે પ્રમાણે છે :

(A) બર્હિમુખીતા, નિર્ભય સ્પષ્ટ અભિવ્યક્તિ, વિવેક બુદ્ધિ, સૌમ્ય મનોવિકૃતિ અને અનુભવોની મુક્ત અભિવ્યક્તિ

(B) બર્હિમુખીતા, સહમતિયુક્ત વલણ, રૂઢિચુસ્તતા, સૌમ્ય મનોવિકૃતિ અને અનુભવોની મુક્ત અભિવ્યક્તિ

(C) બર્હિમુખીતા, નિર્ભય સ્પષ્ટ અભિવ્યક્તિ, રૂઢિચુસ્તતા, સૌમ્ય મનોવિકૃતિ અને અનુભવોની મુક્ત અભિવ્યક્તિ

(D) બર્હિમુખીતા, સહમતિયુક્ત વલણ, વિવેક બુદ્ધિ, સૌમ્ય મનોવિકૃતિ અને અનુભવોની મુક્ત અભિવ્યક્તિ

33. .................called the unconscious feminine qualities in men the anima and the unconscious masculine qualities in women the animus.

(A) Jung (B) Adler

(C) Freud (D) Anna Freud

.......... પુરુષોમાં અચેતન અવસ્થામાં સ્ત્રી લક્ષણોને 'એનીમા' અને સ્ત્રીઓમાં અચેતન અવસ્થામાં રહેલા પુરુષ લક્ષણોને 'એનીમસ' કહે છે :

(A) યુંગ (B) એડલર

(C) ફ્રોઈડ (D) અન્ના ફ્રોઈડ

34. One of the limitations of trait theories is that :

(A) The cultural surroundings in which behaviour occurs may be overlooked

(B) They do not lend themselves readily to experimentation

(C) So many traits are synonymous in meaning

(D) There is no consensus of opinion regarding the meanings of some traits

વ્યક્તિત્વ ઘટક સિદ્ધાંતોને એક મર્યાદા એ છે કે :

(A) સાંસ્કૃતિક પર્યાવરણમાં થતા વર્તનમાં સાંસ્કૃતિક ઘટકોની ઉપેક્ષા કરવામાં આવે છે

(B) આ સિદ્ધાંતો પર સહેલાઈથી પ્રયોગો થઈ શકતા નથી

(C) અર્થની દૃષ્ટિએ ઘણા બધા વ્યક્તિત્વ લક્ષણો સમાન છે

(D) કેટલાક લક્ષણોના અર્થની બાબતમાં એકમત પ્રવર્તતા નથી

35. Which of the following is *not* a personality inventory ?

(A) MMPI (B) TAT

(C) 16 PF (D) EPPS

નીચેનામાંથી કઈ વ્યક્તિત્વ સંશોધનિકા નથી :

(A) MMPI (B) TAT

(C) 16 PF (D) EPPS

36. Exploratory research is carried out to :

(*i*) explore the variables and the way they relate with one another so as to formulate the problem.

(*ii*) explore unknown areas.

(A) Both (*i*) and (*ii*) are correct (B) Only (*i*) is correct and (*ii*) is false

(C) Only (*ii*) is correct and (*i*) is false (D) Both (*i*) and (*ii*) are incorrect

શોધનાત્મક સંશોધન ......... કરવામાં આવે છે :

(*i*) પરિવર્ત્યોની શોધ માટે અને તેઓ એક બીજા સાથે કઈ રીતે સંકળાયેલા છે. તે માટે કરવામાં આવે છે. જેથી કરીને સમસ્યાનું સ્વરૂપ નકકી કરી શકાય.

(*ii*) અજાણ ક્ષેત્રોની શોધ માટે.

(A) બંને (*i*) અને (*ii*) સાચા છે (B) ફક્ત (*i*) સાચુ છે (*ii*) ખોટુ છે

(C) ફક્ત (*ii*) સાચુ છે (*i*) ખોટુ છે (D) બંને (*i*) અને (*ii*) ખોટાં છે

37. A well-formulated research problem is one :

(A) which contains lot of future research possibilities.

(B) which contains many possibilities for deriving testable hypothesis.

(C) which creates an impression of a problem.

(D) which clearly indicates what variables are to be related to what other variables.

સુરચિત સંશોધન સમસ્યા એ છે કે :

(A) જેમાં ભવિષ્યમાં ઘણા બધા સંશોધનોની શકયતાઓ રહેલી હોય

(B) જેમાં ચકાસણી થઈ શકે તેવી ઘણી બધી ઉત્કલ્પનાઓ ઉત્પન્ન કરી શકવાની શકયતાઓ રહેલી હોય

(C) જે સમસ્યા છે તેવો હાઉ ઉભો કરેલ હોય

(D) જેમાં કયા પરિવર્ત્યોને બીજા કરતા કયા પરિવર્ત્યો સાથે સંબંધમાં લાવવાના છે, તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો હોય

38. In an experimental enquiry :

(*i*) relevant conditions are created and clearly specified in a laboratory situation

(*ii*) data are collected and analysed using method that seems to be appropriate for the data already collected

(*iii*) all types of data are collected from various sources and then only data that seem to be relevant are analysed

(*iv*) data are collected under strictly controlled conditions so that one can say with confidence how the dependent variable (Y) is influenced by the manipulated variable (X).

(A) Both (*i*) and (*ii*) are correct
(B) Both (*i*) and (*iii*) are correct
(C) Both (*i*) and (*iv*) are correct
(D) Both (*ii*) and (*iii*) are correct

પ્રાયોગિક સંશોધનમાં :

(*i*) પ્રયોગશાળામાં સુસંગત પરિસ્થિતિઓ ઉત્પન્ન કરીને તેમને સુસ્પષ્ટ કરવામાં આવે છે.

(*ii*) જેમાં માહિતિ એકત્રિત કરવામાં આવે છે. ને તે માહિતિનું સુયોગ્ય પદ્ધતિ દ્વારા પૃથકકરણ કરવામાં આવે છે.

(*iii*) વિવિધ સ્ત્રોતો દ્વારા દરેક પ્રકારની માહિતિ એકત્રીત કરવામાં આવે છે. ને ત્યાર બાદ જે માહિતિ સુસંગત હોય તેનું જ પૃથકકરણ કરવામાં આવે છે.

(*iv*) નિયંત્રિત પરિસ્થિતિઓમાં માહિતિ એકત્રિત કરવામાં આવે છે જેથી કરીને વિશ્વાસપુર્વક કહી શકાય કે આધારિત પરિવર્ત્ય (Y) પર પ્રયોજિત કરેલ પરિવર્ત્ય (X) ની કેવી અસર થાય છે.

(A) (*i*) અને (*ii*) બંને સાચા છે
(B) (*i*) અને (*iii*) બંને સાચા છે
(C) (*i*) અને (*iv*) બંને સાચા છે
(D) (*ii*) અને (*iii*) બંને સાચા છે

39. Various sources of biases in research relate to :
(A) Procedural formalities, respondents, researchers and test
(B) Standardized conditions
(C) Strict supervision as per plan and experimenter
(D) Environmental conditions
સંશોધનમાં રહેલો વિવિધ વિશિષ્ટ ઝોકોના સ્ત્રોતો ......... ની સાથે સંકળાયેલા છે :
(A) પ્રક્રિયાલક્ષી વિધિ, પ્રત્યુત્તર દાતાઓ સંશોધકો અને કસોટી
(B) પ્રમાણિત પરિસ્થિતિઓ
(C) યોજના અને પ્રયોગકર્તા પ્રમાણેનું સૂચિત કડક પરીક્ષણ
(D) પર્યાવરણ જન્ય પરિસ્થિતિઓ

40. Parametric tests differ from non-parametric tests in that :
(A) both are used for obtaining different kinds of information.
(B) nonparametric tests are more powerful than parametric tests.
(C) parametric tests are used for analyzing any type of data whereas non-parametric tests are used for analysis of data obtained from well standardized tests.
(D) Internal scale data are best analysed using parametric tests, whereas ordinal scale data could be best analysed using non-parametric tests.
પ્રાચલીય કસોટીઓ બીન પ્રાચલીય કસોટીઓથી ......... ની બાબતમાં જુદા પડે છે :
(A) બંને જુદા જુદા પ્રકારની માહિતી એકત્રિત કરવા માટે વપરાય છે
(B) બિન-પ્રાચલીય કસોટીઓ પ્રાચલીય કસોટી કરતાં વધારે શક્તિશાળી છે
(C) પ્રાચલીય કસોટીઓ ગમે તે પ્રકારની માહિતીનું પૃથકકરણ કરવામાં ઉપયોગમાં આવે છે, જયારે બિન-પ્રાચલીય કસોટીઓ પ્રમાણિત કસોટીઓ દ્વારા મેળવેલ પ્રાપ્તાંકોનું પૃથકકરણ કરવા ઉપયોગમાં આવે છે
(D) પ્રાચલીય કસોટીઓ આંતર ક્રમાંક તુલા દ્વારા મેળવેલ માહિતિનું પૃથકકરણ સારી રીતે કરી શકે છે. જયારે ક્રમસૂચક તુલા દ્વારા મેળવેલ પ્રાપ્તાંકોનું સારામાં સારૂ પૃથકકરણ બિન-પ્રાચલીય કસોટીઓથી થાય છે

41. The typical order of the levels of measurement scales is :
(A) Ordinal, nominal, ratio, internal
(B) Ordinal, ratio, nominal, internal
(C) Nominal, internal, ratio, ordinal
(D) Nominal, ordinal, internal, ratio
માપન તુલાની કક્ષાનો વિશિષ્ટ ક્રમ નીચે મુજબ છે :
(A) ક્રમસૂચક, ઓળખસૂચક, ગુણોત્તર, આંતરસૂચક
(B) ક્રમસૂચક, ગુણોત્તર, ઓળખસૂચક, આંતરસૂચક
(C) ઓળખસૂચક, આંતરસૂચક, ગુણોત્તર, ક્રમસૂચક
(D) ઓળખસૂચક, ક્રમસૂચક, આંતરસૂચક, ગુણોત્તર

42. The standard scores :

(A) are standardized scores

(B) refer to an external standard

(C) are callibrated independent of the units in which they are expressed

(D) refer to the measuring instrument which yields standard score

પ્રમાણિત પ્રાપ્તાંકો છે :

(A) પ્રમાણિત કરેલા પ્રાપ્તાંકો છે

(B) બાહ્ય ધોરણોનો નિર્દેશ કરે છે

(C) જે એકમમાં માપવામાં આવે છે, તેનાથી સ્વતંત્રરૂપે નિર્ધારિત કરવામાં આવે છે

(D) જે માપન ઉપકરણો દ્વારા મળેલ પ્રાપ્તાંકોનો નિર્દેશ કરે છે

43. Psychological scales are designed to measure :

(A) Attitudes (B) Prejudices

(C) Social distance (D) All of these

મનોવૈજ્ઞાનિક તુલાઓ .......... નું માપન કરવા માટે રચવામાં આવે છે :

(A) વલણો (B) પૂર્વગ્રહો

(C) સામાજીક અંતર (D) એમાંના બધા માટે

44. Which of the following is *not* related with questionnaire method ?

(A) General form of question

(B) Question sequence

(C) Wordings of question

(D) Systematic item-analysis of question

નીચેનામાંથી કઈ બાબત પ્રશ્નાવલી પદ્ધતિ સાથે સુસંગત નથી :

(A) પ્રશ્નનું સામાન્ય સ્વરૂપ

(B) પ્રશ્નોનો ક્રમ

(C) પ્રશ્નના શબ્દો

(D) પ્રશ્નનું વ્યવસ્થિત કલમ-પૃથક્કરણ

45. Which of the following statistical techniques is *not* applicable when the data are collected by internal scale ?

(A) Product moment correlation (B) '*t*' test

(C) 'F' test (D) $\chi^2$ test (Chi-square test)

આંતરસૂચક તુલા દ્વારા મેળવેલ પ્રાપ્તાંકોના પૃથક્કરણ નીચેનામાંથી કઈ આંકડાશાસ્ત્રીય પદ્ધતિ અનુરૂપ નથી :

(A) પ્રોડક્ટ-મોમેન્ટ સહસંબંધ (B) '*t*' test

(C) 'F' test (D) $\chi^2$ test (Chi-square test)

46. The basic unit of nervous system is :

(A) Neuron (B) Gland

(C) Cell (D) Nerve

મજ્જાતંત્રનો પાયો એકમ છે :

(A) ચેતાકોષ (B) ગ્રંથિ

(C) કોષ (D) મજ્જાતંતુ

47. The pituitary gland is otherwise known as 'master gland' because :

(*i*) it controls the secretion of several other endocrine glands

(*ii*) it produces largest number of different hormones

(*iii*) it controls body growth in early childhood.

(A) (*i*) and (*ii*) are correct (B) (*i*) and (*iii*) are correct

(C) (*ii*) and (*iii*) are correct (D) All of these

પિચ્યુટરી ગ્રંથિને બીજી રીતે સર્વોપરી ગ્રંથિ તરીકે ઓળખવામાં આવે છે કારણ કે :

(*i*) બીજી કેટલીક એન્ડ્રોક્રાઈવ ગ્રંથિના રસસ્રાવને નિયંત્રણ કરે છે.

(*ii*) વિવિધ પ્રકારના રસસ્રાવો વિપુલ પ્રમાણમાં ઉત્પન્ન કરે છે.

(*iii*) પૂર્વ-બાલ્યાવસ્થામાં તે શારીરિક વિકાસનું નિયંત્રણ કરે છે.

(A) (*i*) અને (*ii*) બંને સાચા છે (B) (*i*) અને (*iii*) બંને સાચા છે

(C) (*ii*) અને (*iii*) બંને સાચા છે (D) એમાંના બધા સાચા છે

48. Which of the following hormones is directly responsible for the metabolism of the body ?

(A) Insulin (B) Adrenalin

(C) Parathormone (D) Thyroxine

શરીરની ચયાપચયની (દહન) ક્રિયા માટે નીચેનામાંથી કયો રસસ્રાવ સીધી રીતે જવાબદાર છે :

(A) ઈન્સ્યુલીન (B) એડ્રેનાલીન

(C) પરેથોર્મોન (D) થાયોક્સીન

49. The spinal cord contains :

(A) Grey matter inside it (B) White matter inside it

(C) Red matter inside it (D) Black matter inside it

કરોડ રજ્જુમાં હોય છે :

(A) ભૂખરા રંગનો પ્રદાર્થ (B) સફેદ રંગનો પ્રદાર્થ

(C) લાલ રંગનો પ્રદાર્થ (D) કાળા રંગનો પ્રદાર્થ

50. Sex of the child is determined at the time of :

(A) Fertilization (B) Before fertilization

(C) After fertilization (D) None of these

બાળકની જાતિ ........ સમયે નક્કી થાય છે :

(A) ગર્ભધાન સમયે (B) ગર્ભધાન પહેલા

(C) ગર્ભધાન પછી (D) આમાંથી કોઈ નહિ

**ROUGH WORK**

## ROUGH WORK

SEAL